ક્રમાંક/ડાયટ/વસ્તી/ લોકનૃત્ય/ ૨૦૧૯-૨૦
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
પાલનપુર
તા.૨૯/૦૭/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી સરકારી માધ્યમિક શાળા તમામ,
જિલ્લો-- બનાસકાંઠા

**વિષય :– રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધા યોજવા બાબત...**

**સંદર્ભ:ક્રમાંક/જીસીઈઆરટી/PEC/2019 /18595-18621 તા. ૨૪/૦૭/૧૯ નો પત્ર**

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે , NCERT,New Delhi નાNPEPસેલરાષ્ટ્રીય કક્ષાએ લોકનૃત્ય સ્પર્ધા યોજવાનું આયોજન કરવા જણાવેલ છે. આ કાર્યક્રમની કડીના ભાગ રૂપે જિલ્લાની તમામ સરકારી શાળાઓના ધોરણ–૯ના વિધાર્થીઓ માટે જિલ્લા કક્ષાની લોકનૃત્ય સ્પર્ધામાં ભાગીદારી નોધાવાની રહેશે. જિલ્લા કક્ષાએ પાસંદ થયેલ ટિમને રાજય કક્ષાએ મોકલવામાંઆવનાર છે.

**સ્પર્ધાના વિષયો**

- કુમાર અને કન્યાઓને સમાન તક – ભૃણ હત્યા નિવારણ
- વડીલોની કાળજી અને સન્માન
- પર્યાવરણ સંરક્ષણ
- નશીલા દ્રવ્યોનો દુરુપયોગ
- તરુણાવસ્થા – આકર્ષણ અને પડકારો
- તરુણો વચ્ચેના તંદુરસ્ત સંબધો

ઉપરોકત જણાવેલ વિષય આધારિત લોકનૃત્યો કરવાના રહેશે.

૧. **ભાષા :**
લોકનૃત્યની ભાષા સ્થાનિક લોકબોલીની રહેશે.

૨. **સમય મર્યાદા :**
દરેક ટીમને લોકનૃત્ય રજુ કરવા માટે ૫ થી ૬ મિનિટનો સમય આપવામાં આવશે.

૩. **સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ :**
સરકારી માધ્યમિક શાળાના ધોરણ– ૯ ના વિદ્યાર્થીઓ

૪. **લોકનૃત્ય કારોની સંખ્યા**
દરેક લોકનૃત્યમાં ૬ નૃત્યકાર રહેશે. ગાયન વાદન માટે ૨ વિધાર્થીનો સહયોગ લઈ શકાશે.

૫. **પોશાક**
પસંદ કરેલ વિષય મુજબ તેમજ નૃત્યની જરૂરિયાત પ્રમાણે લોકનૃત્યકાર પોશાકનો ઉપયોગ કરશે.

૬. **નિર્ણાયકની પસંદગી**
દરેક સ્તરે ૩ નિર્ણાયક રહેશે.જેમાંથીએકસ્ત્રી નિર્ણાયક સ્વાસ્થ્ય શિક્ષણ, ભાષા અને અભિનયકળાનો જાણકાર હોવા જોઈએ.

- **શાળા સ્તરે** – (૧) પ્રિન્સીપાલ (૨) પ્રિન્સીપાલ દ્વારા નિમાયેલ બે શિક્ષકો
- **જિલ્લા સ્તરે** –(૧) ડાયટ પ્રાચાર્ય અથવા જિલ્લા શિક્ષણધિકારી (૨) તારુણ્ય શિક્ષણના અનુભવી
- અધ્યાપક/આચાર્ય (૩) અભિનય કળાના જાણકાર

Scanned by CamScanner
Scanned by CamScanner

૭. **નિર્ણય બાબત :**

નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે. તે નિર્ણય તમામ સ્પર્ધકો અને સંસ્થાને બંધનકર્તા રહેશે.

૮. **જિલ્લા કક્ષાની લોકનૃત્ય સ્પર્ધા :**

| | |
|---|---|
| સ્થળ :– | આદર્શ નિવાસી શાળા, પાલનપુર આરટીઓ કચેરી પાસે |
| તારીખ :– | ૧૬/૦૮/૨૦૧૯ |
| સમય :– | ૧૦.૩૦ કલાકે |

૯.

**સ્પર્ધાની ગુણાંકન પદ્ધતિ :**

| | | |
|---|---|---|
| ૧ | ગુણાત્મક વિષયવસ્તુ વિસ્તાર | ૨૫ ગુણ |
| ૨ | લોકનૃત્યની રજૂઆત (પોશાક,તાલ અને અભિનયકલા | ૩૦ ગુણ |
| ૩ | લોકનૃત્યમાં જીવનકૌશલ્યોનુ પ્રતિબિંબ | ૪૦ ગુણ |
| ૪ | લોકનૃત્યનું પ્રેક્ષકો દ્વારા મૂલ્યાંકન | ૦૫ ગુણ |
| | કુલ : | ૧૦૦ ગુણ |

શાળા કક્ષાએ ઉપરોકત ગુણાંકન મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે. જેની એક નકલ ડાયટ, પાલનપુરને મોકલવાની રહેશે.

૧૦. **સ્પર્ધાનો ખર્ચ :**

૧. શાળા કક્ષાએ :– સ્પર્ધાના આયોજનનો કોઈ ખર્ચ મળવાપાત્ર નથી.

૨. જિલ્લા કક્ષાએ :– જિલ્લા કક્ષાએ ટીમ લઈને આવનાર ૨ (બે) શિક્ષકશ્રીને નિયમાનુસાર ટીએ./ડી.એ. ભાગલેનાર વિદ્યાર્થીઓને બસભાડુ (આવતાં–જતાં) નિર્ણાયક તજજ્ઞશ્રીને ટીએ તથા માનદ વેતન નિયમાનુસાર ચુકવવામાં આવશે.

- પ્રમાણપત્રો :– જિલ્લા કક્ષાએ ભાગલેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામા આવશે.
- ઈનામ :– જિલ્લામાં પ્રથમ આવનાર ટીમને રૂા.૩૦૦/–, દ્વિતીય આવનાર ટીમને
- ૨૦૦/– તથા તૃતીય આવનાર ટીમને ૧૫૦/– ઈનામ આપવામાં આવશે.

૧૧. જિલ્લા કક્ષાએ માહિતી / માર્ગદર્શન માટે સંપર્ક નંબર ૯૪૨૬૩ ૫૯૩૯૨

૧૨. જિલ્લાની વિજેતા ટીમે રાજય કક્ષાએ યોજનાર સ્પર્ધામાં અચૂક ભાગલેવાનો રહેશે.

૧૩. જિલ્લા કક્ષાએ ભાગીદાર બનનાર સરકારી માધ્યમિક શાળાએ ૧૩/૦૮/૧૯ સુધીમાં એન્ટ્રી મોકલવાની રહેશે.

ક્રમાંક / [redacted] ૪૦૫૦૦.
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર,
તારીખ : ૦૬ - ૦૮ - ૨૦૧૯.

– નકલ રવાના જાણ તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

– પ્રતિ,
આચાર્યશ્રી.
સરકારી માધ્યમિક શાળાઓ તમામ.

Scanned by CamScanner